# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-09-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: Friday** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , ગુજરાતમાં આવતીકાલથી દિવ્યાંગો માટે યોજાનારી વિશ્વ તીરંદાજી સ્પર્ધા ખેલાડીઓ માટે યાદગાર બની રહેશે.

2) બેલ્જિયમના પ્રધાનમંત્રી બાર્ટ ડી 'વેવરે કહ્યું, ભારત અને બેલ્જિયમ વચ્ચે હીરા વેપાર ભાગીદારીનો સદીઓ જૂનો સંબંધ પરસ્પર વિશ્વાસ પર આધારિત.

3) અવકાશ રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ફ્રાન્સની સાથે અવકાશ ભાગીદારીને વધુ મજબૂત કરવાની ઉત્સુકતા દર્શાવી.

4) ઇસરોના અધ્યક્ષ વિ. નારાયણને કહ્યું, EOS-05નું સફળ પ્રક્ષેપણ મિશન ભારતની પૃથ્વી અવલોકન ક્ષમતાઓને વધુ મજબૂત કરશે.

5) સમગ્ર દેશમાં આજે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી.

*************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# HM AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , ગુજરાતના અમદાવાદમાં આવતીકાલથી યોજનારી દિવ્યાંગોની વિશ્વ તીરંદાજી સ્પર્ધા ખેલાડીઓ અને અમદાવાદ માટે યાદગાર બની રહેશે. ગુજરાતના અમદાવાદમાં ભારતીય તીરંદાજી સંઘ દ્વારા યોજાયેલા હ્યુન્ડાઈ વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ ઉદ્ઘાટન કાર્યક્રમને આજે વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધતા શ્રી શાહે કહ્યું , ઑલિમ્પિક, એશિયન ગેમ્સ , રાષ્ટ્રમંડળ રમત , પોલીસ ગેમ્સમાં રમાતી તમામ રમતની શક્તિ વધારવાનો અમારું લક્ષ્ય છે. તેમણે આ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ ખેલાડીઓને પણ શુભેચ્છાઓ પાઠવી.

**(BYTE: AMIT SHAH, UNION HOME MINISTER)**

*19 देशों से 108 से ज्यादा पैरा एथलीट्स हिस्सा ले रहे हैं उस वक्त। मैं सभी को ये कहने जा रहा हूं कि अहमदाबाद, गुजरात और भारत आने वाले दिनों में खेल जगत के, चाहे वो ओलंपिक्स से जुड़े हुए खेल हो, चाहे पैरालंपिक्स से जुड़े हुए खेल हो, चाहे अन्य स्पर्धा हो, सभी प्रकार के खेल का ये बहुत बड़ा सेंटर बनने वाला है। सभी प्रकार के स्पोर्ट्स की ट्रेनिंग का भी ये हब बनेगा, सभी प्रकार की स्पोर्ट्स की फैसिलिटी का भी ये हब बनने जा रहा है।*

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં યોજા નારી આ સ્પર્ધા વર્ષ 2030માં યોજાનારી રાષ્ટ્રમંડળ રમતને નવું બળ આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે સૌ ખેલાડીઓને શુભેચ્છાઓ પણ પાઠવી. ઉલ્લેખનીય છે કે , ગુજરાતના અમદાવાદમાં આવતીકાલથી આગામી નવ તારીખ સુધી યોજાનારી આ સ્પર્ધામાં 19 દેશના 108થી વધુ દિવ્યાંગ તીરંદાજો ભાગ લઈ રહ્યા છે.

# MAHA INDIA BELGIUM DIAMOND TIES

બેલ્જિયમના પ્રધાનમંત્રી બાર્ટ ડી'વેવરે આજે ભારત અને બેલ્જિયમ વચ્ચે હીરા વેપાર ભાગીદારીને અતૂટ સંબંધ ગણાવતા કહ્યું , સદીઓ જૂનો આ સંબંધ પરસ્પર વિશ્વાસ, પારદર્શકતા અને સહકાર પર આધારિત છે. મુંબઈમાં ભારત ડાયમંડ બૂર્સ ખાતે એક સત્રમાં શ્રી ડી વેવરે હીરા ઉદ્યોગમાં ભારત અને બેલ્જિયમની પૂરક શક્તિઓનો ઉલ્લેખ કર્યો. તેમણે ભારતને વિશ્વની કાર્યશાળા તથા બેલ્જિયમના શહેર એન્ટવર્પને વૈશ્વિક સંપર્કનું મંચ ગણાવ્યું.

વિશ્વના હીરાના પાટનગર તરીકે જાણીતા મુંબઈ અને એન્ટવર્પ વચ્ચેની સમાનતાઓને દર્શાવતા શ્રી ડી વેવરે કહ્યું , બંને બંદર શહેર પોતપોતાના દેશના આર્થિક એન્જિન છે. તેમણે કહ્યું , મુંબઈમાં આવેલું HRD એન્ટવર્પની નવી કચેરી બંને દેશ વચ્ચે હીરા વેપારને વધુ મજબૂત બનાવશે.

# PM MODI MELONI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇટાલીનાં પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીને ઇટાલીમાં યુદ્ધ પછીના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનારાં પ્રધાનમંત્રી બનવાં બદલ અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું , આ સિદ્ધિ તેમનાં નેતૃત્વમાં ઇટાલીના લોકોના વિશ્વાસને દર્શાવે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું , તેમની મિત્રતાએ બંને દેશની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. શ્રી મોદીએ બંને દેશનાં લોકો માટે એક સમૃદ્ધ ભવિષ્યના નિર્માણ માટે મજબૂત સહયોગ યથાવત્ રાખવા ઉત્સાહ વ્યક્ત કર્યો. તેમણે સુશ્રી મેલોની આવનારા વર્ષોમાં પણ સતત સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવી.

# JITENDRA SINGH FRENCH MINISTER

અવકાશ રાજ્યમંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંહે આજે ભારત અને ફ્રાન્સ વચ્ચે અવકાશ ક્ષેત્રમાં સહકારને વધુ મજબૂત કરવા અંગે ચર્ચા કરી. દરમિયાન માનવ સહિત અવકાશ ઉડાન, આધુનિક અવકાશ ટેક્નોલૉજી અને બંને દેશની અવકાશ સંસ્થાઓ તથા ઉદ્યોગો વચ્ચે યોગ્ય સંકલન જેવા વિષય પર ચર્ચા કરવામાં આવી. ડૉક્ટર સિંહે ફ્રાન્સના ઉચ્ચ શિક્ષણ , સંશોધન અને અવકાશ બાબતોના મંત્રી પ્રૉફેસર ફિલિબ બેપ્ટિસ્ટ સાથે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી દ્વિપક્ષીય બેઠક યોજી.

બંને પક્ષે પેરિસમાં આ મહિને યોજાનારા આંતરરાષ્ટ્રીય અવકાશ સંમેલનમાં ભારતની ભાગીદારી અને બેંગ્લોર અવકાશ પ્રદર્શનીમાં ફ્રાન્સની ભાગીદારી અંગે પણ ચર્ચા કરી. બેઠકમાં ડૉ. સિંહે કહ્યું , ભારત આંતરરાષ્ટ્રીય અવકાશ સંમેલનમાં ભાગ લેવા અને ફ્રાન્સની સાથે અવકાશ ભાગીદારીને વધુ મજબૂત કરવા ઉત્સુક છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# SATELLITE

ભારતે અવકાશ ક્ષેત્રમાં વધુ એક મોટી સિદ્ધિ મેળવી છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ઇસરોએ આજે સવારે શ્રીહરિકોટાથી અદ્યતન રૉકેટ પ્રક્ષેપણ વાહન – GSLV એફ-17 રૉકેટ માટે પૃથ્વી અવલોકન ઉપગ્રહ – E.O.S. – 05નું સફળ પ્રક્ષેપણ કર્યું. ઇસરોના જણાવ્યા મુજબ , E.O.S. – 05થી વાસ્તવિક સમયમાં તસવીર મળશે. તેનાથી ખેતી અને આપત્તિ વ્યવસ્થાપન જેવા ક્ષેત્રમાં મદદ મળશે. ઇસરોના અધ્યક્ષ વિ. નારાયણને કહ્યું , આ મિશન ભારતની પૃથ્વી અવલોકન ક્ષમતાઓને વધુ મજબૂત કરશે.

(BYTE: V. NARAYANAN, CHAIRMAN, ISRO)

*मुझे यह घोषणा करते हुए अत्यंत प्रसन्नता हो रही है कि GSLVF सत्रह वाहन ने उन्नत पृथ्वी अवलोकन उपग्रह पांच को सफलतापूर्वक और सटीक रूप से उसकी निर्धारित कक्षा में स्थापित कर दिया है।हमने इस प्रक्षेपण वाहन का उपयोग करके एक बार पृथ्वी अवलोकन उपग्रह पांच के चालू हो जाने के बाद यह भूकक्षा से भारत का पहला समर्पित इमेजिंग उपग्रह बन जाएगा जो हमारे देश के लिए महत्वपूर्ण रणनीतिक डाटा प्रदान करेगा।जियो आर्बिट प्रोवाइडिंग इंपॉर्टेंट स्ट्रेटेजिक डेटा फॉर अवर कंट्री।*

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ આ સિદ્ધિ બદલ ઇસરોના વૈજ્ઞાનિકો અને ઇજનેરોને અભિનંદન પાઠવ્યા.

# EVE JANMASHTAMI CELEBRATION

સમગ્ર દેશમાં આજે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ઉત્તરપ્રદેશમાં ભગવાન કૃષ્ણની નગર મથુરા-વૃંદાવનમાં પણ જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે ભવ્ય શણગાર કરાયો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ દેશવાસીઓને જન્માષ્ટમીની શુભકામનાઓ પાઠવી છે.

## (VOICECAST: SUSHIL CHANDRA TIWARI)

*भगवान कृष्ण की जन्मभूमि को दुल्हन की तरह सजाया गया है और हर तरफ रंग-बिरंगी रोशनी की छटा बिखरी हुई है। इस अवसर पर लाखों श्रद्धालु भगवान श्री कृष्ण के दर्शन कर अभिभूत हो रहे हैं। यहाँ के प्रमुख मंदिर मथुरा की श्री कृष्ण जन्मभूमि, द्वारिकाधीश मंदिर, वृंदावन के विश्व प्रसिद्ध ठाकुर बिहारी जी मंदिर में श्री कृष्ण जन्माष्टमी की जबरदस्त तैयारियाँ हैं, जहाँ रात में जन्मोत्सव मनाया जाएगा। सुशील चंद्र तिवारी, आकाशवाणी समाचार, लखनऊ।*

ગુજરાતમાં પણ જન્માષ્ટમીને લઈ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જામી છે. આ અંગે અમારાં સંવાદદાતા અપર્ણા ખુંટનો અહેવાલ સાંભળીએ.

## (VOICECAST: APARNA KHUNT)

*पवित्र नगरी द्वारका में भगवान द्वारकाधीश के दर्शन के लिए देश-विदेश से बड़ी संख्या में श्रद्धालु उमड़ पड़े हैं। तड़के मंगला आरती के साथ शुरू हुआ पूजा-अर्चना का क्रम पूरे दिन विविध भोग, दर्शन और धार्मिक अनुष्ठानों के साथ जारी रहेगा। उत्सव का मुख्य आकर्षण आज मध्यरात्रि की महाआरती होगी, जब बाल गोपाल के जन्म लेते ही पूरा मंदिर परिसर" हाथी घोड़ा पालकी, जय कन्हैया लाल की" के जयकारों से गुंजायमान हो उठेगा। वहीं प्रभु श्री हरि की प्रतिमा का नयनाभिराम श्रृंगार कर उन्हें दिव्य आभूषणों से अलंकृत किया गया है। पूरे परिसर में भजन-कीर्तन और कृष्ण लीला की मधुर स्वर लहरियां गूंज रही है। द्वारका के अलावा राज्य के डाकोर के रणछोड़राय जी और अरवल्ली के शामला जी मंदिर में भी जन्माअष्टमी का पर्व धूमधाम से मनाया जा रहा है। अपर्णा खुंट, आकाशवाणी समाचार, अहमदाबाद।* .

# EVE. CHINA MASTERS

ભારતીય પુરુષ ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી ચાઇના માસ્ટર્સ બેડમિન્ટનની સેમિફાઇનલમાં પહોંચી. તેમણે આજે સાંજે ચીનના શેનઝેનમાં ડેનમાર્કના કિમ એસ્ટ્રુપ અને એન્ડર્સ સ્કારુપ રાસમુસેનને 21-13, 16-21, 21-18થી હરાવ્યા.

# SC RETIREMENT AGE

સર્વોચ્ચ અદાલતે સાત રાજ્યોના ન્યાયિક અધિકારીની નિવૃત્તિની વય 60થી વધારીને 62 વર્ષ કરવા નિર્દેશ આપ્યો. ન્યાયમૂર્તિ સૂર્ય કાન્ત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વિ. મોહનાની પીઠે છત્તીસગઢ , કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, સિક્કિમ, તમિળનાડુ અને પશ્ચિમ બંગાળ રાજ્યોને સંબંધિત સેવા નિયમોમાં સુધારા કરીને નિવૃત્તિની વય ઔપચારીક રીતે 62 વર્ષ કરવાનો નિર્દેશ આપ્યો.